સા.વ.વિભાગની આર.ટી.આઈ. સેલ શાખાની મુખ્યત્વે કામગીરી નીચે મુજબ છે.

1. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ નો સુચારૂરીતે અમલ કરવાને લગતી કામગીરી અને કાયદાના અમલ માટે ભારત સરકાર તરફથી બહાર પાડવામાં આવતી સૂચનાઓ / પરિપત્રો / પત્રો રાજ્યની તમામ કચેરીઓને પરિપત્રિત કરવાને લગતી કામગીરી.
2. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ નિયમો તૈયાર કરવા અને તેમાં સુધારા કરવાને લગતી બાબતોની કામગીરી.
3. ગુજરાત માહિતી આયોગની રચના અને આયોગમાં કમિશનરોની નિમણૂકને લગતી કામગીરી અને આયોગની કચેરીનાં મહેકમ, બજેટ વિષયક તથા અન્ય વહીવટી કામગીરી.
4. ગુજરાત માહિતી આયોગને ગ્રાન્ટની ફાળવણી અને ખર્ચનાં હિસાબોને લગતી કામગીરી.
5. ગુજરાત માહિતી આયોગની કચેરી માટે બેઠક વ્યવસ્થા, જગ્યાની ફાળવણી તથા અન્ય આંતર માળખાકીય સુવિધાઓ પુરી પાડવાને લગતી કામગીરી.
6. રાજ્ય મુખ્ય માહિતી કમિશનર અને રાજ્ય માહિતી કમિશનરોની સેવાનો શરતો અને બોલીઓ નકકી કરવાની બાબત તથા અન્ય બાબતો (દા.ત. એલ.ટી.સી., રજા વિગેરે)
7. આર.ટી.આઈ. કાયદા / નિયમો સંદર્ભે ભારત સરકાર અને અન્ય રાજ્યો સાથેના પત્રવ્યવહારની બાબત.

3४/૫૨

8. સચિવાલયના સર્વે વિભાગોએ આ કાયદાની અમલવારીને લગતી માહિતી રાજ્ય માહિતી આયોગને પુરી પાડવા માટે દરેક વિભાગોને સૂચનાઓ પરિપત્રિત કરવાને લગતી કામગીરી.
9. કાયદાની કલમ–૪(૧)(ખ)ની જોગવાઈ મુજબ દરેક જાહેર સત્તામંડળોએ પ્રસિધ્ધ કરવાના થતા પ્રોએકટીવ ડીસ્કોઝર તથા જાહેર માહિતી અધિકારી / એપેલેટ ઓથોરીટીની ડીરેકટરી અંગેની માહિતી અપડેટ કરાવવા માટે સર્વે વિભાગોને સૂચનાઓ પરિપત્રિત કરવાને લગતી કામગીરી.
10. પ્રોએકટીવ ડીસ્કોઝર (૧૭ મુદ્દાઓની માહિતી)ના ઈન્સપેકશન–કમ–ઓડીટ કરવા બાબત.
11. કાયદાના અર્થઘટન અને અન્ય આનુષાંગિક બાબતો અંગે અન્ય વિભાગો / કચેરીઓને માર્ગદર્શન આપવાને લગતી કામગીરી.
12. આર.ટી.આઈ. એકટની કલમ–૨૬ હેઠળની રાજ્ય સરકારની જવાબદારી મુજબની આર.ટી.આઈ. એકટના પ્રસાર અને પ્રચારની કામગીરી અને તે માટે વાર્ષિક યોજનામાં અંદાજપત્રિય જોગવાઈ કરવા અંગેની કામગીરી.
13. આર.ટી.આઈ. કાયદાની કલમ–૨૫(૩) મુજબ આયોગને જાહેર સત્તામંડળો તરફથી જે માહિતી આપવાની રહે છે, તે માહિતી રાજ્ય માહિતી આયોગ તેમજ સામાન્ય વહીવટ વિભાગને સહેલાઈથી મળી રહે તે માટે એન.આઈ.સી.ના સહયોગથી તૈયાર કરેલ Online System ની કામગીરી.

14. આર.ટી.આઈ. એકટની કલમ–૨૫(૧) ની જોગવાઈ મુજબ ગુજરાત માહિતી આયોગે દરેક વર્ષ પુરુ થયા પછી વર્ષ દરમિયાનના આ અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ ઉપરનો અહેવાલ તૈયાર કરવાનો રહે છે. આયોગના આ અહેવાલને વિધાનસભા સમક્ષ મુકવાને લગતી કામગીરી.

15. આર.ટી.આઈ. સેલ ની ઉકત કામગીરી સંબંધમાં વિવિધ અરજદારો તરફથી "આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીઓ" ધ્વારા અત્રે માહિતી માગવામાં આવે છે. જેની માહિતી શાખા કક્ષાએથી સમયમર્યાદામાં આપવાની રહે છે. તેમજ આ અરજીઓ સંબંધે અરજદારો ધ્વારા પ્રથમ અપીલ અને બીજી અપીલ કરવાના પ્રસંગે પણ આનુષાંગિક કાર્યવાહી નિયત સમયમર્યાદામાં અત્રેથી કરવાની રહે છે.

16. ગુજરાત માહિતી આયોગ સમક્ષ પડતર અપીલો / ફરીયાદોના નિકાલની બાબતે તથા આયોગમાં કમિશનરોની નિમણૂક કરવા બાબતે નાગરિકો ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે કરવામાં આવતી Writ Petition (PIL) ને લગતી કામગીરી.

17. વિધાનસભા તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનાં પ્રત્યુત્તર આપવાની કામગીરી.